પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૩૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૩-૦૨-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 137 PRICE :-RS. 1.50 DATE : 03-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજ્યસભા શરૂ થતાં જ હંગામા બાદ ૩ વખત ગૃહ મૌકૂફ રખાયું

## ખેડૂતોના પ્રશ્ને રાજ્યસભામાં વિપક્ષનો હોબાળોઃ સાંસદોએ વોકઆઉટ કર્યું

ન્યુ દિલ્હી,

ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ અને વિપક્ષના રાજ્યસભામાં ભારે વિરોધને પગલે ગૃહની કામગીરી સમગ્ર દિવસ સુધી સ્થગિત રાખવામાં આવી છે. કૃષિ કાયદાને લઈને ખેડૂતોના મુદ્દે ગૃહમાં કોંગ્રેસ સહિતના વિપક્ષ દળોએ ભારે શોરબદોર અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્રણ વખત ગૃહની કામગીરી સ્થગિત રખાયા બાદ સમગ્ર દિવસ માટે સ્થગિત રાખવામાં આવી છે. સૌપ્રથમ ૧૦.૩૦ના ગૃહને ૪૦ મિનિટ સુધી સ્થગિત રખાયું હતું. ત્યારબાદ ગૃહની કામગીરી શરૂ



થતા વિપક્ષે ભારે હંગામો મચાવતા ફરીથી ૧૧.૩૦ના ગૃહને સ્થગિત રખાયું હતું. કોંગ્રેસ સહિતના વિપક્ષના સાંસદો વિરોધ કરવા વેલમાં ધસી ગયા હોવાથી ડેપ્યુટી સ્પીકર હરિવંશને ગૃહને ફરીથી સ્થગિત રાખવાની ફરજ પડી હતી. ઉપાધ્યક્ષે કોરોના પ્રોટોકોલનું પાલન કરવા સાંસદોને તેમની જગ્યાએ જવા અપીલ પણ કરી હતી પરંતુ તેમણે કોઈ વાત ધ્યાનમાં લીધી નહતી.

રાજ્યસભામાં કોંગ્રેસ, ડાબેરીઓ, ટીએમસી, ડીએમકે અને આરજેડીના સાંસદોએ સૌપ્રથમ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસ સહિતના વિપક્ષે ગૃહની કામગીરી એક દિવસ માટે સ્થગિત રાખવા જણાવ્યું હતું જો કે આ માગણીને ઉપરાષ્ટ્રપતિ અને અધ્યક્ષ વેંકૈયા નાયડુએ ફગાવી દીધી હતી.

જે સાંસદો બહાર નિકળી ગયા હતા તેઓ ફરીથી ગૃહમાં આવ્યા હતા અને તેમણે વેલમાં ઘસી જઈ સૂત્રોચ્ચાર કર્યો હતો. નાયડૂએ આ વ્યાજબી નહીં હોવાનું જણાવ્યું હતું. બીજી વખત ગૃહની કામગીરી સ્થગિત રખાયા બાદ ડેપ્યુટી ચેરમેન અધ્યક્ષની ખુરશીમાં બેઠા હતા ત્યારે પણ વિપક્ષે તેમની એકવાત માની નહતી અને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

કોંગ્રેસ સહિતના વિપક્ષે નિયમ ૨૬૭ અંતર્ગત દિવસની કામગીરી બાજુ પર રાખી ખેડૂતોના મુદ્દે ચર્ચા કરવ માગ કરી હતી. ઉપરાષ્ટ્રપતિએ તેની મંજૂરી ના આપતા રાષ્ટ્રપતિના અભીભાષણના પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન મુદ્દાને રજૂ કરવા જણાવ્યું હતું.

રાજ્યસભામાં વિપક્ષના નેતા અને વરિષ્ઠ કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાદે ખેડૂતો બે મહિનાથી વધુ સમયથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને આ મુદ્દે ચર્ચા થવી જોઈએ. ટીએમસી સાંસદ શુખેન્દુ શેખર રોયે પણ આ મામલે જણાવ્યું કે સરકાર તેમજ ખેડૂત વચ્ચે શું ચાલી રહ્યું છે તેનાથી ગૃહ વાકેફ નથી. અમે આ ચોક્કસ મુદ્દે અલગથી વાત કરવા ઈચ્છીએ છીએ. ઉપરાષ્ટ્રપતિએ રાજ્યસભામાં આ મુદ્દે આવતીકાલે ચર્ચા કરવા માટે જણાવ્યું હતું અને ગૃહ સ્થગનની નોટિસ ફગાવી હતી. જેને પગલે કોંગ્રેસ, ડાબેરીઓ, ટીએમસી અને ડીએમકેના સાંસદોએ વોકઆઉટ કર્યું હતું.

## વિપક્ષના સમર્થનથી કોઈ સમસ્યા નહીં, ઓક્ટોબર સુધી ચાલુ રહેશે આંદોલનઃ ટિકૈત

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદા સામે સાત મહિનાથી વધુ સમયથી ખેડુતો દેશમાં આંદોલન કરી રહ્યા છે. બે મહિનાથી વધુ સમયથી, ખેડૂતો દિલ્હીની જુદી જુદી સીમાઓ પર ધરણા પર બેઠા છે. દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટીકાઈટ દ્વારા એક મોટું નિવેદન આવ્યું છે. રાકેશ ટીકૈતે કહ્યું છે કે તાજેતરના ભૂતકાળમાં આ આંદોલનનો અંત આવે તેવી કોઈ આશા નથી. આ આંદોલન હજી



સાત-આઠ મહિના અને દિલ્હીની સરહદો પર ચાલી શકે છે.

દિલ્હી અને ઉત્તર પ્રદેશ (ગાઝીપુર સરહદ) ની સરહદો પર ખેડુતોની હડતાલનું નેતૃત્વ કરી રહેલા ભારતીય કિસાન સંઘના પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે કહ્યું હતું કે, "અમે સરકારને કહ્યું છે કે ખેડૂતોનું આ આંદોલન ઓક્ટોબર સુધી ચાલશે. " અમે હજી ઓક્ટોબર સુધી વાત કરી રહ્યા છીએ. ઓક્ટોબર પછી પણ આંદોલન ચાલી શકે છે, અમે પછીની તારીખો આપીશું. ટિકૈતે કહ્યું કે સરકાર સાથે વાતચીત પણ ચાલુ રહેશે, પરંતુ અમારું સૂત્ર એક જ રહેશે - જ્યાં સુધી કાયદો પાછો નહીં ખેચાય ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે.

દિલ્હી અને ઉત્તર પ્રદેશ (ગાઝીપુર સરહદ) ની સરહદો પર ખેડુતોની હડતાલનું નેતૃત્વ કરી રહેલા ભારતીય કિસાન સંઘના પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે કહ્યું હતું કે, "અમે સરકારને કહ્યું છે કે ખેડૂતોનું આ આંદોલન ઓક્ટોબર સુધી ચાલશે. " અમે હજી ઓક્ટોબર સુધી વાત કરી રહ્યા છીએ. ઓક્ટોબર પછી પણ આંદોલન ચાલી શકે છે, અમે પછીની તારીખો આપીશું. ટિકૈતે કહ્યું કે સરકાર સાથે વાતચીત પણ ચાલુ રહેશે, પરંતુ અમારું સૂત્ર એક જ રહેશે - જ્યાં સુધી કાયદો પાછો નહીં ખેચાય ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે.

ગાઝીપુર બોર્ડર પર વિપક્ષી પાર્ટીના નેતાઓ આવતા વિશે વાત કરતા ટિકૈતે કહ્યું કે જો કોઈ આવે તો તેનું સ્વાગત છે. જે આપણું સમર્થન કરે છે, અમે તેનું સ્વાગત કરીએ છીએ પરંતુ તેના પર રાજકારણ ન થવું જોઈએ. રાકેશ ટીકૈતે એમ પણ કહ્યું હતું કે, ચળવળ સ્થળની આજુબાજુના રસ્તાઓ ખેડૂતો દ્વારા નહીં પણ પોલીસે બંધ કરી દીધા છે. આંદોલન નજીકના રસ્તાઓ પર સ્પાઈક્સનો હેતુ એ છે કે જનતા તેમનાથી પરેશાન થશે અને તેઓ ખેડૂતોની વિરુદ્ધ હોવા જોઈએ.

## પરિપત્રને લઈ અરજી પર હાઈકોર્ટે રાજ્ય ચૂંટણી પંચ અને સરકારને નોટિસ ફટકારી

અમદાવાદ,

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી અંગેના ચૂંટણી પંચના પરિપત્રને પડકારતી અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્યના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. આ મામલે વધુ સુનાવાની ૯મી ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે રાજ્યના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને આ મુદ્દે ૬ ફેબ્રુઆરી સુધી સોગંદનામું રજૂ કરવાનો આદેશ કર્યો છે.



ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે મહાનગર પાલિકા અને પંચાયતની મતગણતરી એક સાથે રાખવામાં આવે.રાજ્યના ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી કે સ્થાનિક સ્વરાજની ચૂંટણી બે તબક્કામાં યોજાશે અને તેની મત ગણતરી પણ બે અલગ અલગ દિવસે થશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત ૬ મહાનગર પાલિકાઓના ચૂંટણીના પરિણામ માટે મતગણતરી ૨૩મી ફેબ્રુઆરીના રોજ થશે, જ્યારે નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મતગણતરી ૨ માર્ચ રોજ હાથ ધરવાના ચૂંટણી પંચના આ નિણર્યને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

અમદાવાદ મહાનગર પાલિકા સહિત મહાનગર પાલિકાઓની ચૂંટણી ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે, જ્યારે ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી ૨૮મી ફેબ્રુઆરીના રોજ યોજાશે તેવી ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

## મહારાષ્ટ્રમાં ઘોર બેદરકારીઃ ૧૨ બાળકોને પોલિયોના સ્થાને સેનિટાઈઝરના ડ્રોપ આપ્યા


યવતમાલ,

મહારાષ્ટ્રમાં ઘોર બેદરકારીનો એક કિસ્સો સામે આવ્યો છે. મહારાષ્ટ્રના યવતમાલ જિલ્લાના એક ગામમાં ૧૨ બાળકોને પોલિયાના બે ટીપાની જગ્યાએ સેનેટાઈઝરના ડ્રોપ આપી દીધા. જિલ્લાના એક અધિકારીએ કહ્યું કે પાંચ વર્ષથી નાની ઉંમરના ૧૨ બાળકોને એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની તબિયત સ્થિર છે. આ ગંભીર બેદરકારી સામે આવતા તપાસ ૩ સ્વાસ્થ્યકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

અધિકારીએ કહ્યું કે આ ઘટના કાપસિકોપરી ગામમાં ભાનબોરા પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર પર બની જ્યાં એકથી પાંચ વર્ષના બાળકો માટે રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ ચલાવામાં આવી રહ્યો છે. યવતમાલ જિલ્લા પરિષદના સીઈઓ શ્રીકૃષ્ણ પંચાલે કહ્યું કે પાંચ વર્ષથી નાની ઉંમરના ૧૨ બાળકોને પોલિયોના ટીપાની જગ્યાએ સેનેટાઈઝરના બે ટીપાં આપી દીધા. ત્યારબાદ બાળકોને ઉલટી અને બેચેની થવાની ફરિયાદ સામે આવી.

તેમણે કહ્યું કે જે બાળકોને સેનેટાઈઝરના બે ટીપાં આપવામાં આવ્યા હતા તેમણે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તમામ બાળકોની સ્થિતિ સ્થિર છે અને તેમના પર દેખરેખ રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે શરૂઆતમાં માહિતી મળ્યા બાદ ઘટના સમયે પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર પર એકડૉકટર, એક આંગણવાડી સેવિકા અને એક આશા કાર્યકર્તા હાજર હતા. તપાસ શરૂ કરાઈ અને ત્રણેય સ્વાસ્થ્યકર્મીઓને સસ્પેન્ડ કરાશે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીની GPSCની પરીક્ષા પર અસરઃ તારીખમાં કરાયો ફેરફાર



ગાંધીનગર,

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈ જીપીએસસીની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો હોવાની માહિતી સામે આવી રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. તમને જણાવી દઈએ કે આગામી ૧૪,૧૬ અને ૧૮ ફેબ્રુઆરીએ જીપીએસસીની પરીક્ષા યોજાવાની હતી, પરંતુ સામે આવતી ચૂંટણીઓને કારણે પરીક્ષા પાછી ઠેલાઈ છે.

હવે જીપીએસસીની પરીક્ષા માર્ચ મહિનામાં લેવાશે. જીપીએસસીની પરીક્ષામાં મુલ્કી સેવા વર્ગ-૧, ન.પા.મુખ્ય અધિકારીની પરીક્ષાનો સમાવેશ થાય છે.

## ખેડૂતોનું દેશવ્યાપી ચક્કાજામનું એલાન, દિલ્હી સરહદે લોખંડી બંદોબસ્ત ગોઠવાયો



ન્યુ દિલ્હી,

કેન્દ્રના કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને ખેડૂત સંગઠનો વધઉ વેગ આગળ ધપાવવાની તૈયારી કરી રહ્યા છે. વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બને તેવા એંધાણને પગલે દિલ્હી પોલીસે સરહદ પર લોખંડી બંદોબસ્ત ખડકી દીધો છે. વધારાનો પોલીસ કાફલો ખડકવા ઉપરાંત બેરિકેડ્સની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. દેખાવના સ્થળો પર અને તેની આસપાસના વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. લોકોને પગપાળા સરહદ ઓળંગતા રોકવા કાંટાવાળા તાર પણ ગોઠવવામાં આવ્યા છે. ખેડૂત સંગઠનોએ ૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ કરવાની જાહેરાત કરી છે. આંદોલન સ્થળની નજીકના વિસ્તારમાં ઈન્ટરનેટ પ્રતિબંધ, અધિકારીઓ દ્વારા કથિત કનડગત અને અન્ય મુદ્દાઓ વિરુદ્ધ ત્રણ કલાક સુધી રાષ્ટ્રીય તેમજ સ્ટેટ હાઈવેને જામ કરીને દેશના અન્નદાતાઓ વિરોધ નોંધાવશે.

## ચીને સરહદથી ૧૦૦ કિમી દૂર ટેંકો, તોપો અને હજારો સૈનિકો સાથે યુદ્ધાભ્યાસ શરુ કર્યો

લેહ,

એક તરફ ભારત સાથે શાંતિ માટે મંત્રણા અને બીજી તરફ સીમા પર ચીન તનાવ યથાવત રાખી રહ્યુ છે.હવે ચીને સરહદથી માંડ ૧૦૦ કિલોમીટર દુર ટેંકો, તોપો અને ભારેખમ વાહનો તેમજ હજારો સૈનિકો સાથે યુધ્ધાભ્યાસ શરુ કર્યો છે.



મળતી વિગતો અનુસાર પશ્ચિમ તિબેટમાં જ્યાં આ અભ્યાસ ચાલી રહ્યો છે તે જગ્યા ભારત સાથેની સરહદથી માંડ ૧૦૦ કિલોમીટર દુર છે.જાન્યુઆરીમાં આ પ્રેક્ટિસ ડ્રિલ યોજાઈ હતી અને તેનો એક વિડિયો પણ ચીને જાહેર કર્યો છે.આ વિડિયોમાં મોટી સંખ્યામાં ટ્રકો, ટેંકો અને તોપો જોઈ શકાય છે.

કેટલાક અહેવાલો પ્રમાણે ચીને ભારતની સરહદ નજીક ઠેર ઠેર ટેંકોની તૈનાતી કરી છે અને આવામાં તેના ઈરાદા પર શંકા ઉભી થવી સ્વાભાવિક છે. વિડિયોમાં જે ટેંક દેખાય છે તે પણ નવી બનાવટની હોવાનુ જાણકારોનુ માનવુ છે.

છેલ્લા એક મહિનામાં આવેલા કેટલાક અહેવાલોમાં દાવો કરાયો છે કે, ચીન ભારત સરહદ નજીકના વિસ્તારોમાં પોતાની ક્ષમતા વધારી રહ્યુ છે.તે પોતાના ફાઈટર જેટ્સ માટે નવા હેંગર પણ બનાવી રહ્યુ છે અને નવુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઉભુ કરી રહ્યુ છે.


ગયા મહિને પણ ચીને સિક્કિમના નાકુ લા પાસ પાસે ઘૂસણખોરીની કોશીશ કરી હતી અને તેને ભારતીય સેનાએ નાકામ બનાવી હતી.જે દરમિયાન થયેલા ઘર્ષણમાં બંને તરફ સૈનિકોને સાધારણ ઈજાઓ પણ પહોંચી હતી.

## ઓક્સફર્ડે આત્મનિર્ભર ભારત શબ્દને વર્ડ ઓફ ધ યર જાહેર કર્યો

લંડન,

ઓક્સફોર્ડે આત્મનિર્ભરતા શબ્દને ૨૦૨૦નો ઓક્સફોર્ડ હિન્દી વર્ડ ઓફ ધ યર જાહેર કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસ મહામારી દરમિયાન આત્મનિર્ભર ભારતનો નારો આપ્યો હતો. તેમણે ભારતીય અર્થવ્યવસ્થા, સમાજ અને વ્યક્તિગત રીતે લોકોને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો હતો.

આત્મનિર્ભરતાનો અર્થ છે પોતાના પર ભરોસો. રિપોર્ટ મુજબ ઓક્સફોર્ડ માટે આત્મનિર્ભર શબ્દની પસંદગી ભાષા વિશેષજ્ઞોના સલાહકાર




પેનલ દ્વારા થઈ છે. આ પેનલમાં કૃતિકા અગ્રવાલ, પૂનમ નિગમ સહાય અને ઈમોજેન ફોક્સેલ સામેલ હતા.

ઓક્સફોર્ડ હિન્દી શબ્દનો અર્થ એવો શબ્દ કે જ ગત વર્ષે લોકાચાર, મનોદશા કે સ્થિતિને પ્રતિબિંબિત કરે અને જે સાંસ્કૃતિક મહત્વના એક શબ્દ તરીકે લાંબા સમય સુધી રહેવાની ક્ષમતા ધરાવતો હોય. ઓક્સફોર્ડે વર્ષ ૨૦૧૯માં બંધારણ શબ્દને હિન્દી વર્ડ ઓફ ધ યર તરીકે પસંદ કર્યો હતો. તે પહેલા ૨૦૧૮માં ઓક્સફોર્ડ દ્વારા નારી શક્તિ અને ૨૦૧૭માં આધારને હિન્દી ભાષાનો શબ્દ પસંદ કર્યો હતો.

ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ ઈન્ડિયાના મેનેજિંગ ડાઈરેક્ટર શિવરામકૃષ્ણન વેંકટેશ્વરને કહ્યું કે આત્મનિર્ભર ભારતને અનેક ક્ષેત્રોના લોકો વચ્ચે ઓળખ મળી. કારણ કે તે કોવિડ-૧૯થી પ્રભાવિત અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે એક હથિયાર તરીકે જોવામાં આવ્યો.

ઓક્સફોર્ડ લેન્ગવેજે એક નિવેદનમાં કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકડાઉન દરમિયાન દેશને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ આત્મનિર્ભર ભારત શબ્દનો ઉપયોગ ભારતના જાહેર શબ્દકોષમાં એક વાક્યાંશ અને અવધારણા તરીકે ખુબ વધી ગયો.

## દિલ્હીના લાલ કિલ્લાને અનિશ્ચિતકાળ માટે બંધ કરાયો

ન્યુ દિલ્હી,

દિલ્હીમાં આવેલા લાલ કિલ્લાને અનિશ્ચિતકાળ માટે બંધ કરવામાં આવ્યો



છે. દિલ્હી સેન્ટ્રલના ડીએમે આજે આ બાબતે એક આદેશ જાહેર કર્યો છે. દિલ્હી આપદા પ્રાધિકરણ તરફથી જાહેર કરેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે લાલ કિલ્લા અને તેની આસપાસના વિસ્તારમાં બર્ડ ફ્લૂના સંક્રમણને ધ્યાનમાં રાખતા પરિસરને જનતા અને પર્યટકો માટે બંધ કરવામાં આવ્યું છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટરની મંજૂરીથી લાલ કિલ્લાને લોકો અને પર્યટકો માટે બંધ કરવામાં આવ્યો છે.

આ પહેલા લાલ કિલ્લા વિસ્તારમાં ૧૪ કાગડા અને ૪ બતકોના મોત થયા હતા. સેમ્પલની તપાસ કરતા તેમાં બર્ડ ફ્લૂની પૃષ્ટિ થઈ હતી. આઠ સેમ્પલોમાં બર્ડ ફ્લૂના સ્ટ્રેન મળ્યા પછી એનિમલ હસબેંડરી ડિપાર્ટમેન્ટે દિલ્હીમાં બર્ડ ફ્લૂ થવાની પૃષ્ટિ કરી હતી.

આ પછી દિલ્હીના ઘણા બજારોની સાથે નાની દુકાનો પર પ્રોસેસ્ડ અને કાચા ચિકનના વેચાણ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. વેચાણ સાથે ચિકનના ભંડારણ ઉપર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. દિલ્હી સરકારે આને લઈને આદેશ પણ જાહેર કરી દીધો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં ૦૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૦૧ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૦૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લોમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનું મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૨૧૨૫૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૪ દર્દી હોમ આઇસોલેશન અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓકિસજન પર છે.

# મહીસાગર જિલ્લાના થાણાસાવલી ગામનું ગૌરવ

લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના થાણાસાવલી ગામના ડો.કનુભાઈ ડી.પરમારે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના થાણાંસાવલી ગામના રહીશ અને ડો.કનુભાઈ ડી.પરમાર એ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ. યુનિવર્સિટી) વડોદરાથી “ધીરૂભાઈ ઠાકર કોન્ટ્રીબ્યુટ ટુ ગુજરાતી લિટરેચર અ ક્રિટિકલ સ્ટડી” વિષય પર શોધ નિબંધ તૈયાર કરી એમ.એસ. યુનિવર્સિટીમાં રજૂ કરતા તેઓને પી.એચ.ડી. ની પદવી એનાયત કરવામાં આવી છે. ત્યારે કનુભાઈ પરમારે પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરતા થાણાંસાવલી ગામ તેમજ મહીસાગર જિલ્લા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

# શહેરાની ખાનગી શાળાઓની મનમાની ઉઘરાવતી ફીના મુદ્દે હવે સરકારમાં ઘા

શહેરા, શહેરા નગરમાં અમુક ખાનગી શાળા દ્વારા શિક્ષણની ફી આખા વર્ષની લેવામાં આવતા જાગૃત વાલીઓમાં રોષ જોવા મળી રહયો છે. જાગૃત વાલી દ્વારા ફી લેવાના આ મામલે ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રીને લેખિત અને મૌખિક રજૂઆત કરશે. જોકે કોઈ આવ્યો નથી. શહેરા નગર અને તાલુકા મા કોરોના નો કહેર ઓછો થતાં શાળાઓમાં વિદ્યાર્થીઓ ને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. શિક્ષણકાર્ય શરૂ થતા ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ પાસે શિક્ષણ ફી ની માગણી કરવામાં આવી રહી છે. નગર વિસ્તાર અમુક ખાનગી શાળામાં હાલમાં આખા વર્ષની ફી પૂરેપૂરી લેવામાં આવી રહી છે. શાળામાં પ્રથમ સત્રમાં કોરોના નો કહેર વધુ હોવાથી વિદ્યાર્થીઓ શાળામાં ન ગયા હોવા છતાં વાલીઓ પાસેથી શિક્ષણ ફી વર્ષની લેવામા આવતા જાગૃત વાલી દ્વારા ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રીને પણ આ બાબતે લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવનાર છે. તાલુકા અને જિલ્લાનું જવાબદાર શિક્ષણ વિભાગ સહિતનું સબંધિત તંત્ર નગર વિસ્તારમાં આવેલ અમુક ખાનગી શાળામાં હાલમાં વાલીઓ પાસે શિક્ષણ ની બે સત્રની ફી એટલે આખા વર્ષની ફી લેવામાં આવી રહી હોવા છતાં આ સામે તપાસ કરવામાં શુભ મુહૂર્ત ની રાહ દેખી રહ્યુ હોય કે પછી કોઈના આદેશનું રાહ દેખતા હોય તેમ લાગી રહ્યુ છે. અમુક ખાનગી શાળામાં ધોરણ ૧અને ૪ તેમજ અન્ય ધોરણ ની પણ શિક્ષણ ફી વર્ષની લેવામાં આવી હોવાનું વાલીઓ મા ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે સબંધિત તંત્ર આ બાબતે તપાસ કરવાની જગ્યાએ આંખ આડા કાન કરતા આ સામે અનેક સવાલો તેમના સામે ઉઠી રહયા છે. રાજ્ય સરકાર દ્વારા કોરોનામાં ખાનગી શાળાઓ દ્વારા શિક્ષણ ફી માં થોડી રાહત આપવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હોવા છતાં નગર વિસ્તારમાં આવેલ અમુક ખાનગી શાળામાં વિદ્યાર્થીઓના હિત માટે ન વિચારીને વર્ષની શિક્ષણ ફી લેવામાં આવતા તે કેટલુ યોગ્ય ગણી શકાય.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ઉત્તર પ્રદેશમાં આવેલા અયોધ્યા ખાતે ભવ્યથી ભવ્ય રામમંદિર નિર્માણ થવા જઈ રહયુ છે. ત્યારે શહેરામાં રામજન્મભૂમિ નિર્માણ માટે સંમપર્ણ નિધિ અભિયાન અંતર્ગત રામ ભક્તો દ્વારા ઉદાર હાથે ફાળો આપવામાં આવી રહયો છે. સાથે જય જય શ્રીરામ ના નાંદ થી વાતાવરણ ગુંજી ઉઠયુ હતુ.

# ૬૦ હજારમાં ONGCમાં નોકરી અપાવવાના બહાને યુવક લૂંટાયો

ગોધરા, શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા યુવકને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને રૂ. ૩.૯૫ લાખ પડાવી છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ સાઈબર ક્રાઈમમાં નોંધાઈ છે. યુવક પાસે ૨૩થી વધુ વખત બેંક એકાઉન્ટમાં પૈસા ભરાવ્યા હતા. યુવકે પૈસા ભરવાની ના પાડતા શખ્સે મોબાઈલ બંધ કરી દીધો હતો. યુવકની ફરિયાદના આધારે સાઈબર ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વસ્ત્રાલમાં આવેલી અન્નપૂર્ણા રેસિડેન્સીમાં જતીન પટેલ પરિવાર સાથે રહે છે. જતીન હાલમાં પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. જતીન બીજી નોકરીની શોધખોળ કરતો હતો. દરમિયાન તેના કાકાએ તેને વોટ્સએપ પર મનુભાઈ નામની વ્યક્તિનો નંબર મોકલ્યો હતો અને ઓએનજીસીમાં ભરતીની વાત કરવા કહ્યું હતું.

જતીને આ ફોન નંબર પર વાત કરતા મનુભાઈ નામની વ્યક્તિએ મારા મામાજી વાસુભાઈ ઓએનજીસીમાં નોકરી કરે છે, અને ૧૮ લાખ પગાર છે તેમ જણાવ્યું હતું. સાથે એવું પણ કહ્યું હતું કે, તેમની સારી ઓળખાણ છે, તેઓ નોકરી અપાવી દેશે. આ રીતે તેણે જતીનને પણ નોકરીની લાલચ આપી હતી. જતીને નોકરી માટે પૂછતાં રૂ. ૬૦ હજાર ભરવાના રહેશે અને આ બાબતે તેના કાકાને જાણ ન કરવા કહ્યું હતું. બાદમાં અલગ અલગ રકમો માંગવામાં આવી હતી. એક દિવસ વડોદરા ઓએનજીસીમાંથી કોઈ ભાર્ગવ નામની વ્યક્તિએ ફોન કરી પૈસા ભરી દો એટલે તમને કૉલ લેટર મળી જશે તેમ કહ્યું હતું.

આવી અલગ અલગ રકમો કુલ ૨૩ વખત ભરાવી કુલ. ૩.૯૫ લાખ જતીનભાઈ પાસેથી ખંખેરી લીધા હતા. કૉલ લેટર ન મળતા જતીને પૈસા ભરવાનું બંધ કર્યું હતું. વાસુભાઈએ ફોન કરી છેલ્લા ૪૦ હજાર ભરો એટલે કૉલ લેટર મળશે કહ્યું હતું, પરંતુ જતીને ના પાડી દીધી હતી. જે બાદાં તેમને ફોન કરતા ફોન બંધ આવતો હતો.

# ગોધરા પરવડી બાયપાસ પાસે મુસાફરોથી ભરેલી ખાનગી બસ પલટી, બે ગંભીર રીતે ઘાયલ



ગોધરાના પરવડી બાયપાસ પાસે મુસાફરોથી ભરેલી ખાનગી ટ્રાવેલ્સ પલટી ખાઈ ગઈ હતી.

ગોધરા, ગોધરાના પરવડી બાયપાસ પાસે અવારનવાર અકસ્માતનાં કિસ્સાઓ સામે આવે છે. ત્યારે સોમવારે મોડી રાતે પણ એક ખાનગી બસને અકસ્માત નડતા બસ પલટી ગઈ હતી. સદનસીબે આ અકસમાતમાં કોઈને જાનહાની નથી થઈ પરંતુ બે મુસાફરોને ગંભીર ઈજા પહોંચી છે જ્યારે ૭ મુસાફરો સામાન્ય ઈજાગ્રસ્ત થયા છે. મહત્વનું છે કે આ બસ ઈન્દોરથી ગોંડલ જઈ રહી હતી. તમામ ઈજાગ્રસ્તોને ગોધરા સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગોધરાના પરવડી બાયપાસ પાસે મુસાફરોથી ભરેલી ખાનગી ટ્રાવેલ્સ પલટી ખાઈ ગઈ હતી.

જેમાં બે મુસાફરોને ગંભીર ઈજા જ્યારે સાત મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી છે. આ તમામને સારવાર માટે ગોધરા સિવિલ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઈન્દોરથી ગોંડલ તરફ જઈ રહેલી બસ પલટી ખાતા તમામ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. અકસ્માત બાદ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. સ્થાનિક પોલીસે ત્યાં આવીને ફસાયેલા લોકોને અંદરથી ઉતારવામાં મદદ કરી હતી. નોંધનીય છે કે, આ રસ્તા પર અવારનવાર અકસ્માતોની ઘટના સામે આવતી હોય છે.

આ અકમાત બાદ સામાન્ય ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. થોડા મહિનાઓ પહેલા જ આ વિસ્તારમાં ગેસ ટેક્કર અને કાર ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગોધરા શહેર પાસે આવેલ પરવડી બાયપાસ નજીક આવેલ જય જલારામ સ્કુલ પાસે બપોરના અરસામાં ગેસ ટેક્કર અને કાર ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. દાહોદ તરફ જઈ રહેલા કાર ટ્રેલર સાથે ગેસ ટેક્કર ધડાકાભેર અથડાતાં ગેસ ટેક્કર મુખ્ય માર્ગ ઉપર પલટી મારી ગયું હતું. જેના પગલે મુખ્ય માર્ગ ઉપર અવર જવર કરતા વાહનોની લાંબી કતાર લાગી ગયેલ હતી. ગેસ ટેક્કર અને કાર ટ્રેલર ના સર્જાયેલ અકસ્માતમાં ગેસ ટેક્કરનો ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો.

# હાલોલના ST કર્મચારીએ કિંમતી મોબાઈલ પરત કરતા માલિકે પ્રમાણિકતાને બિરદાવી





ગોધરા, ઝાલોદ થી ઉમરગામ જતી એસ.ટી.બસમાં મળી આવેલ કિંમતી મોબાઈલને જીવની જેમ સાચવીને સામેથી દાહોદ જીલ્લાના પીપલોદ ખાતે રહેતા માલિકને સંપર્ક કરી પરત આપવામાં આવ્યો હતો. આ પ્રમાણિક કર્મચારી સોલંકી વિરલસિંહને માલિકે આભાર વ્યકત કરવાની સાથે કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી. એસ.ટી.વિભાગન કર્મચારીના કર્મચારીની આ ઉદાહરણરૂપ કામગીરીના પગલે પોતાની પસીનાના કમાણી માંથી ખરીદેલ કિંમતી મોબાઈલ મળતા માલિકે પણ ગદગદની લાગણી અનુભવી હતી.

પંચમહાલ દાહોદ જીલ્લાના મુસાફરો છેક દક્ષિણ ગુજરાતના અંતરીયાળ વિસ્તારોમાં મુસાફરી કરે છે. ખાસ કરીને બન્ને જીલ્લામાંથી કામ અર્થે તથા રોજગારી માટે રોજીદા આવનજાવન કરતા હોવાથી ગુજરાત એસ.ટી. નિગમની બસ આર્શીવાદરૂપ છે. જેનાથી રાત દિવસ મુસાફરોને પોતાના નિયત સ્થળે પહોચાડવા માટે સસ્તા દરે ઉપયોગ સાબિત થઈ રહી છે. જેના ભાગરૂપ બે-ત્રણ દિવસ પૂર્વે ઝાલોદ-ઉમરગામ બસમાં મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે હાલોલ ડેપોના કંડકટર (૬૪૨૮) સોલંકી વિરલસિંહ પ્રવિણસિંહ ફરજ ઉપર હાજર હોવાથી તેઓને ખાલી બેઠક ઉપરથી એક કંપનીનો કિંમતી મોબાઈલ મળી આવ્યો હતો. જેની સરકારી કર્મચારી અને માનવતાની નેમ ધરાવતા વિરલસિંહ સોલંકી એ આ મોબાઈલ પોતાના કબ્જામાં રાખીને આગળના હાલોલ ડેપોમાં નિયમોનુસાર જમા કરાવ્યો હતો. ત્યારબાદ પીપલોદના ગામના રોહિત મુકેશકુમારને સામેથી જાણ કરીને તેઓનો મોબાઈલ સહિસલામત હોવાની જાણ કરાતા આ મોબાઈલ માલિકને હાશકારા સાથે ઈમાનદારી પૂર્વક પરત કર્યો હતો. જેના પગલે લાગણીશીલ થયેલ મોબાઈલ ધારકે ઈમાનદાર એસ.ટી. કર્મચારીને આભારની લાગણી વ્યકત કરી હતી. ગોધરાના વૃંદાવન નગરમાં રહેતા અને હાલોલ ડેપોના કંડકટર સોલંકી વિરલસિંહ પ્રવિણસિંહ એ સરકારી ફરજના ભાગરૂપની સાથે પ્રમાણિકતાના દર્શન કરાવીને કિંમતી સામાન મુસાફરને સલામત પૂર્વક પરત કરવામાં આવતાં હાલોલ ડેપોના મેનેજર પટેલ તથા ATI દિવાન તથા સ્ટાફ તરફથી સોલંકી વિરલસિંહ ને હાર્દિક અભિનંદન પાઠવીને તેઓની પ્રમાણિકતાને બિરદાવવામાં આવી હતી. એટલું જ નહીં અમદાવાદ એસ.ટી.નિગમના ઉચ્ચ અધિકારીઓ એ પણ આ પ્રમાણિક કર્મચારીને બહુમાન કરવાનું નકકી કર્યુ છે.

# ગોધરામાંથી ઘરફોડના આરોપીને ઝડપતી પોલીસ

ગોધરા, ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા છેલ્લા એક વર્ષ થી લૂંટ ની ચોરીના તથા ઘર ફોડ ચોરીના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી ને ઝડપી પાડ્યો હતો.

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટરને ખાનગી બાતમી દાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકના અત્રે નોંધાયેલા લૂંટ, ચોરી અને ઘરફોડ ચોરીના ગુન્હામાં છેલ્લા એક વર્ષ થી નાસતો ફરતો વોન્ટેડ આરોપી સૂફીયાન સાદિક હયાત જે હાલમાં ગોધરા શહેર ની ઉજૅર મસ્જિદ ની બાજુમાં ઉભો છે. તેવી બાતમી મળતા ડી સ્ટાફ ના પી.એસ.આઈ. જે.એન.જાડેજા તેમજ ડી સ્ટાફ પોલીસ સ્ટાફ દ્વારા ઉપરોક્ત બાતમી વાળા સ્થળ પર જઈ તપાસ હાથ ધરતા આરોપી ઝડપાઈ જવા પામ્યો હતો.જેની ધરપકડ કરી વધુ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગોધરામાં હરિભકતો દ્વારા શાકોત્સવની ઉજવણી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, સ્વામિનારાયણ મુખ્ય મંદિર,વૃત્તાંલય વિહારમ તેમજ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ ગોધરા દ્વારા ભવ્ય શાકોત્સવ અને કથાવાર્તા નું આયોજન કરવામાં આવ્યું હતું.

કથામાં પૂર્ણપુરૂષોત્તમ ભગવાન સ્વામિનારાયણની પૂર્ણ કૃપા થી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ અને ધર્મકુળ પરિવારના રૂડા આશીર્વાદથી સ્વામિનારાયણ મુખ્ય મંદિર વૃત્તાંલય વિહારમ તેમજ લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ, ગોધરા દ્વારા રજનીકાંત માણેકલાલ પટેલ ના ૭૩ માં જન્મ દિવસ નિમિત્તે નિજ મંદિર ખાતે ભવ્ય શાકોત્સવ અને કથા વાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતોના આશીર્વાદ તેમજ દિવ્ય શાકોત્સવ ની ગોધરા શહેર ના સ્વામિનારાયણ સંપ્રદાયના હજારો હરિભક્તો ભાઈઓ અને બહેનો એ આ પ્રસંગની ઉજવણી કરતા લાભાવન્તિત થયા હતા.જેમાં ગઢડા થી એસ.પી.સ્વામી તેમજ ભાગવત કથાકાર શાસ્ત્રી બાલશરણ પાઠક અને વિશાલ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા તેમ સમાજના અગ્રણી ગોપાલભાઈ પટેલ અને નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું.



દાહોદ લીમડી હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં મોટરસાઈકલ ચાલક ને ગંભીર ઈજા પહોંચતા દાહોદના સરકારી દવાખાના સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ગોધરામાંથી સાયલેન્સર ચોરને ઝડપ્યો

ગોધરા, ગોધરા એલસીબી પોલીસે ઈકો ગાડીનુ સાયલેન્સર સાથે એક ઈસમને ગોન્દ્રા સર્કલ પાસેથી ઝડપી પાડયો હતો. પંચમહાલ પોલીસ એલસીબી પીઆઈ ડી એન ચુડાસમા ને બાતમી મળી હતી કે, ચારેક મહીના ઉપર ગોધરા વ્હોરવાડમાં જીરૂવાલા એપાર્ટમેન્ટમાં પાર્ક કરેલ ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી થઈ હતી. તે ચોરી કરનાર સલમાન ઉર્ફે છદ્દી ઈદ્રીશભાઈ બુઢ્ઢા ચોરીનુ સાયલેન્સર વેચવા માટે ગોન્દ્રા સર્કલ પાસે સાયલેન્સર લઈને ઉભો છે. જેના આધારે એલસીબી પોલીસ દ્વારા બાતમી મુજબના શખ્સને ગોન્દ્રા સર્કલ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા રૂા. ૪૫ હજારની કિંમતનું સાયલેન્સર કબ્જે કરી સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં સલમાન બુઢ્ઢા દ્વારા ચોરીનો ગુનો કબુલવામાં આવ્યો હતો. આમ, ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે નોંધાયેલ ચોરીનો ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં આવ્યો હતો.

# ગરબાડા અને મોરવા (હ) પો.સ્ટે.ના ગુન્હામાં નાસતા ફરતાં બે આરોપીઓને ઝડપી પાડતી સ્કવોર્ડ

ગોધરા, નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ. ભરાડા, પંચમહાલ ગોધરા રેન્જ , ગોધરા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ કાર્યરત નાસતા ફરતા કોર્ડ, પંચમહાલ- ગોધરા રેન્જ, ગોધરા નાઓને રેન્જના જીલ્લાઓમાં મિલકત સબંધી તેમજ શરીર સંબંધી ગુનહાઓ આચરી બહાર મજુરી કામ અર્થે જતાં રહેતાં નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગે સુચના આપેલ.

આથી નાસતા ફરતા કોર્ડના પો.ઈન્સ. બી. જે.એન.પરમાર તથા અ.હે.કો. કિરણસિંહ તથા આ.પો.કો. ઈઝદ્રજીતસિંહ એ રીતેના રેન્જના જીલ્લાઓના ગુનામાં નાસતા ફરતાં, વોન્ટેડ સારોપીને ઝડપી પાડી અસરકારક કામગીરી સારૂ નીકળેલા, તે દરમ્યાન નાસતા ફરતાં સ્કોડના પો.ઈન્સ. જે.એન. પરમાર નાઓને ગુપ્ત બાતમી હકીકત મળી હતી કે, ગરબાડા પો.સ્ટે.ના રાયોટીંગના ગુહામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો- ફરતો આરોપી નવલભાઈ માનાભાઈ ભુરા રહે. નાંદરવા, તા. ગરબાડા, જી . દાહોદ નાનો ગરબાડા હાટમાં આવનાર છે. જે બાતમી હકકત આધારે ગરબાડા ખાતે ભરાતા હાટમાં તપાસ કરતાં બાતમી મુજબના વર્ણનવાળો ઈસમ મળી આવતાં તેનું નામઠામ પુછતાં નવલભાઈ માનાભાઈ ભુરા રહે નાંદરવા, તા. ગરબાડા, જી. દાહોદ નાનો હોવાનું જણાવતાં આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી સારૂ દાહોદ ગરબાડા પો.સ્ટે.સોપવામાં આવેલ છે.

જયારે બીજા બનાવમાં પંચમહાલ જીલ્લાના મોરવા (હ) પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનના ગુન્હામાં નાસતો ફરતો આરોપી ગૌરાંગકુમાર શૈલેશભાઈ ભાભોર, રહે.નાની રણીયાર, તળાવ ફળીયુ, તા.ઝાલોદ , જી.દાહોદ નાનો દાહોદ બજારમાં આવનાર છે. જે બાતમી હકકીત આધારે દાહોદ ખાતે વોચમાં રહી બાતમી મુજબના વર્ણનવાળો ઈસમ મળી આવતાં તેનું નામઠામ પુછતાં ગૌરાંગકુમાર શૈલેશભાઈ ભાભોર, ઉં.વ. ૨૨ , રહે.નાની રણીયાર, તળાવ ફળીયુ, તા.ઝાલોદ, જી.દાહોદ નાનો હોવાનું જણાવતાં સદરી આરોપીને હરતગત કરી આગળની કાર્યવાહી સારૂ મોરવા (હ) પો.સ્ટે . સોપવામાં આવેલ છે.

આમ , નાસતા ફરતા સ્કોર્ડ , પંચમહાલ ગોધરા રેન્જ , ગોધરાને દાહોદ જીલ્લાના ગરબાડા પો.સ્ટે.ના રાયોટીંગના ગુન્હામાં તથા પંચમહાલ જીલ્લાના મોરવા ( હ ) પો.સ્ટે.ના પ્રોહીબિશનના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૩-૦૨-૨૦૨૧, બુધવાર, પોષ વદ-૬, સૂર્યોદય-૭-૨૬, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: ચિત્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૨૬ થી લાભ-અમૃત-૧૦-૧૩ સુધી, ૧૧-૩૭ થી શુભ-૧૩-૦૧ સુધી, ૧૫-૪૮ થી ચલ-લાભ-૧૮-૩૬ સુધી, ૨૦-૧૨થી શુભ-અમૃત-ચલ ૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૬ થી ૯-૨૮ સુધી, ૧૦-૧૩ થી ૧૧-૦૯ સુધી, ૧૩-૦૧ થી ૧૫-૪૮ સુધી, ૧૬-૪૪ થી ૧૭-૪૦ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૩.૦૨.૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- નાણાભીડ બાબતના પ્રશ્નો દૂર કરવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં સ્થિરતા રાખજો સામાજીક પ્રતિષ્ઠા જળવાઈ રહેવાની.

વૃષભ(બ.વ.ઉ.) :- નવી ખરીદી બાબત ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનજાન વ્યકિતની ઓળખાણ થાય. જુના સંબંધો તાજા થાય.

મિથુન(ક.છ.ઘ.) :- પ્રગતિ માટે અવરોધોનો સામનો રહે. આત્મવિશ્વાસ જાળવી રાખવો પરિવારમાં ઉત્સાહનો માહોલ રહે. પ્રવાસ થાય.

કર્ક(ડ.હ.) :- રોજીંદા કાર્યને વળગી રહેજો મનગમતા કર્મચારી મેળવવાના પ્રયત્નો ફળવાના સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળવી.

સિંહ(મ.ટ.) :- નવા સંપર્ક બનાવવામાં સફળતા મલવાની -જુના પ્રશ્નોનું નિરાકરણ શકય બને વડીલ વર્ગનો સહકાર રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- આર્ટ સંગીત ક્ષેત્રે સફળતા વાળો દિવસ રહેવાના સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. વિદેશના પ્રવાસનો યોગ ઉભો થાય.

તુલા(ર.ત.) :- વિચારોમાં જુદા નિર્ણયોથી દૂર રહેજો રાજકીય લાભો મલે વિજાતીય સંબંધો ગાઢ બને કર્જમાં રાહત થાય.

વૃશ્ચિક(ન.ય.) :- અંગત સંબંધો બાબત જાળવવું રોકાયેલા નાણા પરત મેળવવાના પ્રયત્નો ફળે શેર સટ્ટામાં જાળવવું વિદેશથી લાભ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- નિર્ણયો લાભદાયક રહે. ભાગીદારોની સાથે કોઈ નવી યોજનાની ચર્ચા વિચારણા થાય બપોર પછી વધુ અનુકુળ દિવસ રહે.

મકર(ખ.જ.) :- ભૂતકાળને યાદ કરવાનો આનંદ આજે મલવાનો જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે. પ્રવાસમાં સફળતા.

કુંભ(ગ.શ.સ.) :- જીવનસાથી સાથે ગેર સમજોથી દૂર રહેજો વાણી ઉપર સંયમ રાખજો અધિકારી વર્ગ સાથે સુમેળ રાખવો.

મીન(દ.ચ.ઝ.) :- ચતુરાઈ પૂર્વકના નિર્ણયોમાં પણ છેતરાઈ જવાય આધ્યાત્મિક વિચારો અપનાવો વડીલોને સહકાર દેવો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

### ગાંધીનગરથી બદલી ઓર્ડરો મળી ગયા હોવા છતાં પણ

# દાહોદ આરોગ્યકર્મીને રીલીઝ ઓર્ડરો માટે તાગડ ધિન્ના !

## દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગમાં કમ્યુનીટી હેલ્થ ઓફિસરોને રીલીઝ ઓર્ડરો હજુ સુધી ન અપાતાં કર્મચારીઓને રઝવાળાનો વારો આવ્યો છે

દાહોદ,

દાહોદ જિલ્લાના આરોગ્ય વિભાગમાં ૨૫૦ જેટલા કમ્યુનીટી હેલ્થ ઓફિસરના ગાંધીનગરથી બદલી કરવાના ઓર્ડરો છતાંયે દાહોદ જિલ્લા કચેરીથી છુટા કરવાના ઓર્ડર ન અપાતાં હાલ આ કર્મચારીઓ ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. સાથે જ ઓર્ડરો મેળવવા ધરમના ધક્કા પણ ખાવા પડી રહ્યાં છે. બીજી તરફ કેટલાકને ઓર્ડર આપી પણ દેવામાં આવ્યાં છે. તો હશે તો તે કયાં બેઝ પર આપવામાં આવ્યાં ? અને હવે બાકી રહેલા કર્મચારીઓને રીલીઝ ઓર્ડર કેમ નથી આપવામાં આવતાં ? તે પણ એક સળગતો પ્રશ્ન બની રહ્યો છે.

દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગમાં કામ કરતાં તે ભલે હેલ્થ વર્કરો હોય કે તબીબો હોય તેઓને સરકાર દ્વારા આમ પણ કોઈ મહેનતાણું ખાસ એવું ચુંકવવામાં આવતું નથી. આ સાથે તેઓની કામગીરીના બોજનો પણ હરહંમેશ ભારણ રહેતું જ આવ્યું છે. કોરોના વૈશ્વિક મહામારી જેવા કપરા કાળમાં પણ આવા આરોગ્ય કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને પણ પડતે મુકી અને સરકાર પ્રત્યે નારાજગી ન રાખી આવી મહામારીના સમયે પણ પોતાના જીવને જોખમમાં મુકી તેમજ પોતાના પરિવારોથી દુર રહી ખડેપગે પોતાની નિષ્ઠા સભર કામગીરી બજાવી જ છે પરંતુ ઘણીવાર જાણે સરકાર અને સ્થાનીક વહીવટી તંત્ર જાણે તેઓની કામગીરીની હરહંમેશ અવગણના જ કરતાં આવ્યાં હોય તેમ આજના સમયમાં પ્રતિત થઈ રહ્યું છે. આવું જ કંઈક બની રહ્યું છે. દાહોદ જિલ્લામાં ૨૫૦ જેટલા કમ્યુનીટી હેલ્થ ઓફિસર કાર્ય કરી રહ્યાં છે. આ ઓફિસરનો બદલીના ઓર્ડરો ગાંધીનગરની ઉચ્ચસ્તરીય કચેરી ખાતેથી મળી ગયાં હોવા છતાં પણ દાહોદ જિલ્લા આરોગ્ય કચેરી તેમજ લાગતા વળગતી કચેરી ખાતે છુટા કરવાના રીલીઝ ઓર્ડરો આ કમ્યુનીટી હેલ્થ ઓફિસરને હજુ સુધી પણ ન આપવામાં આવતાં આ કર્મચારીઓ હાલ ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. દરરોજ આ કર્મચારીઓ દાહોદ જિલ્લા પંચાયત કચેરીની મુખ્ય આરોગ્ય કચેરીમાં ધરમના ધક્કા ખાવા પડે છે. અધિકારીઓ કોઈ પ્રકારનો સંતોષકારક જવાબ તો ઠીક પરંતુ આ બાબતે વાત કરવા પણ તૈયાર નથી. દરરોજ આ કર્મચારીઓ રીલીઝ ઓર્ડર મેળવવા માટે રઝળી રહ્યાં છે. ઘણા તો ગામડાઓમાંથી આવતાં કમ્યુનીટી હેલ્થ ઓફિસરો સવારથી સાંજ સુધી ભુખ્યા તરસ્યા કચેરીની બહાર બેસી રહી અધિકારીઓને રાહ જોતા રહે છે પરંતુ તે છતાં પણ કોઈ કામગીરી ન કરવામાં આવતાં હવે કમ્યુનીટી હેલ્થ ઓફિસરોમાં રોષની લાગણી વ્યાપી રહી છે. જો ગાંધીનગરથી બદલીના ઓર્ડરો મળી ગયા છતાં પણ સ્થાનીક આરોગ્ય વહીવટી તંત્ર મારફતે રીલીઝ ઓર્ડર આપવામાં નથી આવી રહ્યાં તો તેનું કારણ શું? તે જાણવું પણ અતિઆવશ્યક બની રહ્યું છે. કેટલા કમ્યુનીટી હેલ્થ ઓફિસર મારફતે જાણળા મળ્યા અનુસાર, અગાઉ ૨૫ જેટલા કમ્યુનીટી હેલ્થ ઓફિસરોને રીલીઝ ઓર્ડરો આપી દેવામાં આવ્યાં છે અને બાકીના કમ્યુનીટી હેલ્થ ઓફિસરને આપવામાં ધરમ ધક્કા ખવડાવે છે તેવા પણ કમ્યુનીટી હેલ્થ ઓફિસરોએ આક્ષેપો કર્યા છે. જો અગાઉ જે કોઈને પણ રીલીઝ ઓર્ડરો આપી દેવામાં આવ્યાં છે તો તેઓને કયાં બેઝ પર રિલીઝ ઓર્ડરો આપવામાં આવ્યાં? તે જાણવું અતિઆવશ્યક બની રહ્યું છે. હાલ તો કમ્યુનીટી હેલ્થ ઓફિસરોને વહેલામાં વહેલી તકે રીલીઝ ઓર્ડર આપી દેવામાં આવે અને રઝળવવાનું બંધ કરે તેવી લાગણી અને માંગણી બાકી રહેલા કમ્યુનીટી હેલ્થ ઓફિસરોમાં ઉઠવા પામી છે.

## ભાગેડું ગુનેગારોને ઝબ્બે કરવા રાજસ્થાન અને મદ્યપ્રદેશ પોલીસ સાથે દાહોદમાં બેઠક



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

### ગોધરા રેંજના નાયબ પોલીસ મહાનિરીક્ષકએ ચૂંટણીને ધ્યાને રાખી ઈન્ટર સ્ટેટ બોર્ડર પોલીસની બેઠક યોજી

દાહોદ,

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની આગામી ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તે માટે એક વિશેષ પહેલના ભાગરૂપે ગોધરા રેંજના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ. એસ. ભરાડા દ્વારા મદ્યપ્રદેશ પોલીસના અધિકારીઓ સાથે ઈન્ટર સ્ટેટ બોર્ડર પોલીસના નેજા હેઠળ બેઠક યોજવામાં આવી હતી. જેમાં ભાગેડું ગુનેગારોનો પકડી પાડવા ઉપરાંત ચૂંટણી ટાણે નશાબંધીને વધુ ચુસ્તાઈની અમલ કરવા માટે પરસ્પર સંકલન રાખવા સહમતી સાધવામાં આવી હતી.

ભરાડાએ જણાવ્યું કે, મદ્યપ્રદેશ અને રાજસ્થાનના જાબુઆ, અલીરાજપુર, બાંસવાડા, ધાર અને બાંસવાડાના પોલીસ અધિકારીઓ સાથે ઈન્ટર સ્ટેટ બોર્ડર પોલીસ બેઠક યોજવામાં આવી હતી. જેમાં બન્ને જિલ્લાના ભાગેડું ગુનેગારોની યાદીની આપલે કરવામાં આવી છે. ગુજરાત પોલીસ દ્વારા બન્ને રાજ્યોની પોલીસને તે રાજ્યના ગુનેગારોને પકડવામાં તમામ મદદ કરવામાં આવે છે. એ જ પ્રકારે ગુજરાત પોલીસને પણ બન્ને રાજ્યો તરફથી મદદ મળતી રહે છે. ચૂંટણીને ધ્યાને રાખીને સંકલનને વધુ મજબૂત બનાવવા માટે આ બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં બન્ને રાજ્યોની સરહદે પોલીસ તપાસ નાકાને વધુ સઘન બનાવવા પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ટેક્નોલોજીની મદદથી ગુનેગારોની ઓળખ અને તેનું પગેરૂ શોધવાનું નિયત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએથી બન્ને રાજ્યોની પોલીસ વચ્ચે સંકલન વધુ સારી રીતે થાય એ બાબત પણ સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત વડોદરા રેન્જના પોલીસ મહાનિરીક્ષક હરિકૃષ્ણ પટેલે પણ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.

બેઠકમાં દાહોદના ડીએસપી હિતેશ જોયસર, છોટાઉદેપુરના ડીએસપી ધર્મેન્દ્ર શર્મા, જાબુઆના એડિશન એસપી આનંદસિંહ વાસ્કલે, નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓ દિલીપસિંહ બિલાવલ, એ. બી. સિંહ, દાહોદના ભાવેશ જાદવ, ડો. કાનન દેસાઇ, બેંકર ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જિલ્લામાં આગના બે બનાવો બન્યા

દાહોદ,

દે.બારીયા તાલુકાના આમલી પાણીછોત્રા ગામે એક મકાનના રસોડામાં સળગતા ચુલામાંથી અચાનક તણખો મકાનની છત બાજુ પડતા અચાનક આગ ફાટી નિકળતા આગમાં મકાઈ, તુવેર તેમજ ઘરવખરી સામાન બળી જતા અંદાજે રૂા.૮૫,૦૦૦નું નુકશાન થયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના આમલીપાણી છોત્રા ગામે રહેતા કુવરસીંહ સુરસીંહ નાયકના મકાનમા રસોડામાં આવેલ ચુલો સળગાવી ગતરોજ સવારે આઠ વાગ્યે જમવાનું બનાવવાનું આવતુ હતું. તે દરમ્યાન ચુલામાંથી એક તણખો ઉડી અચાનક મકાનની છત બાજુ પડતા આગ લાગી ગઈ હતી. આ અંગેની જાણ દે.બારીયા ફાયર બ્રિગેડને કરાતા બારીયાથી ફાયર બ્રિગેડના લાશ્કરો ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબુ મેળવી આગ હોલવી નાખી વધુ નુકશાન થતુ અટકાવ્યું હતું. આગમા મકાઈ, તુવેર તથા ઘરવખરીનો સામાન સંપુર્ણ બળી જતા અંદાજે રૂા.૮૫,૦૦૦નું નુકશાન થયું હતુ. આ સંબંધે સાગટાળા પોલીસે આગ અંગેની જાણવા જોગ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગરબાડા તાલુકાના અભલોડ ગામે મકાનમાં આગ લાગતા ૧૫૦૦૦નું નુકશાન

ગરબાડા,

ગરબાડા તાલુકાના અભલોડ ગામના ચાંદણીયા ફળીયામાં અકસ્માતે એક કાચા મકાનમાં અકસ્માતે આગ ફાટી નિકળતા ઘરવખરી સામાન તથા છત પરના વિલાયતી નળીયા બળી જતા આશરે રૂપિયા ૧૫ હજારનું નુકશાન થયાનું જાણવા મળેલ છે. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

પ્રાપ્ત વિગત અનુસાર અભલોડ ગામના ચાંદણીયા ફળીયામાં રહેતા ૫૫ વર્ષીય રમેશભાઈ ચુનીયાભાઈ પલાસના મકાનમાં ગતરોજ બપોરના દોઢેક વાગ્યાના સુમારે અકસ્માતે આગ ફાટી નીકળતા આગમાં ઘરવખરીનો સામાન તથા છત પરના વિલાયતી નળીયા બળી જતા આશરે રૂા.૧૫ હજારનું નુકશાન થવા પામ્યું હતુ.

આ સંબંધે અભલોડ ગામના ચાંદણીયા ફળીયામાં રહેતા ૫૫ વર્ષીય રમેશભાઈ ચુનીયાભાઈઈ પલાસે જેસાવાડા પોલીસ સ્ટેશને લેખિત જાણ કરતા પોલીસે આગ અંગેની જાણવાજોગ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં ભૂખ્યાની રામ રોટી સંસ્થાનો ૧૫માં વર્ષમાં પ્રવેશ

દાહોદ,

તા.૨૬.૧.૨૦૦૭ના રોજથી દાહોદ શહેરમાં રામરોટી સેવાકાર્યની શુભ શરૂઆતથી વનખંડી હનુમાનજી ભગવાનની કૃપા તથા સંત મોનીબાબાના આર્શિવાદથી શરૂઆત કરેલ જે આજે ૧૫મા વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે.

કોઈપણ કાર્યને નિરંતર ૧૨ વર્ષ પુર્ણ થાય તો તેનું એક અલગ જ મહત્વ હોય છે દરેક નવા વર્ષમાં મંડળે એક નવી સેવાનું પીછુ ઉમેરી દાહોદ શહેરમાં ધુણી ધખાવી છે જેમાં આપ સૌ નગરજનો, દાતાઓ, અધિકારીઓ, ટ્રસ્ટીઓ મંડળના સભ્યો, કાર્યકરો તથા જ્યારે જ્યારે મંડળે હાકલ કરી ત્યારે યેન-કેન પ્રકારે સૌ નગરજનોએ તન-મન-ધનથી સહયોગ આપ્યો છે.

દરેક કાર્યમાં આનંદ સાથે થોડી મુશ્કેલીઓ પણ આવતી હોય છે ત્યારે દરેક સમયે દાતાઓ તરફથી મંડળ ઉપર પુર્ણ વિશ્વાસ રાખીને આ કાર્યને સતત માર્ગદર્શન તેમજ લક્ષ્મીજીની અમી વર્ષા વહેતી રાખી છે.

વૈશ્વિક મહામારી આવી ત્યારે સમગ્ર વિશ્વની કાર્યશૈલી બદલાઈ અને શહેરમા લોકડાઉન કે અન-લોકડાઉનની પરિસ્થિતી સર્જાઈ હતી. આવા સમયમાં પોતાની કે પરિવારની ચિંતા કર્યા વગર નગરમા કોઈ ભુખ્યા ન રહે તે આશયથી જ્યાં જ્યા જરૂર હતી ત્યાં ત્યાં ઘેર બેઠા ફુડ પેકેટ પહોંચાડવાની કાર્યકરોએ મહેનત કરેલ છે એવા અદ્ભુત સેવાકાર્યથી નગર તેમજદેશમાં મંડળનું નામ રોશન કરેલ છે.

આ તબક્કે જ્યારે મંડળ ૧૫મા વર્ષમાં પ્રવેશ કરવા જાય છે. ત્યારે સૌ કોઈનો હૃદય પૂર્વક આભાર માનતા અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ.

## ઈઝરાયેલ એમ્બસી નજીક થયેલા બ્લાસ્ટ ની તપાસ NIAને સોંપાઈ



ન્યુ દિલ્હી,

૨૯ જાન્યુઆરીએ ભારત ઈઝરાયેલના રાજદ્વારી સંબંધોની ૨૯મા વર્ષની ઉજવણી ચાલુ હતી એ સમય પર ઈઝરાયેલ એમ્બસી આગળ આઈ.ઈ.ડી. બ્લાસ્ટ થયો હતો. આ સમય પર ભારતના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં પણ થોડા જ અંતરે હાજર હતા. આ બ્લાસ્ટ એટેકથી ઈઝરાયેલે સ્ટેટમેન્ટ જાહેર કરીને ભારત પર ભરોસો દાખ્યો છે.

ઈઝરાયેલ એમ્બસી આગળ થયેલા બ્લાસ્ટ બાદ, ગૃહ મંત્રાલયે તમામ એમ્બસી અને એરપોર્ટની સુરક્ષા વધારી દીધી છે અને આ કેસની તપાસ ગૃહ મંત્રાલયે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને સોંપી છે. ભારતના પી.એમ. નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલી પ્રધાનમંત્રી નેત્યાનાહૂ સાથે વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન ખાતરી આપી હતી કે, ઈ.આઈ.ડી. બ્લાસ્ટના દોષિતોને જલ્દી પકડવામાં આવશે.

મળતી માહિતી મુજબ, આ બ્લાસ્ટ પાછળ ઈરાનનો હાથ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. એનઆઈએ પણ આજ દિશામાં પોતાની તપાસ આગળ વધારશે. ભારત અને ઈઝરાયેલ વચ્ચે રાજનૈતિક સંબંધો ઘણાં મજબૂત છે અને બંને દેશો વચ્ચે કૃષિ અને હથિયારો અંગે વિવિધ કરાર કરવામાં આવ્યા છે.

## મુંબઈ ડિવિઝનથી સુરત, વલસાડ મેમુ ટ્રેન દોડાવવાનો કરાયો નિર્ણય


અમદાવાદ,

અપડાઉન કરતા હજારો મુસાફરો માટે આજે સારા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં અપડાઉન કરતા હજારો મુસાફરો માટે આજે એક સારા સમાચાર છે, જેમાં મુંબઈ ડિવિઝનથી સુરત, વલસાડ મેમુ ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લોકડાઉનમાં બંધ કરાયેલ મેમુ ટ્રેન ફરી એકવાર ૧૦ મહિના બાદ શરૂ કરાઈ છે. તમને જણાવીએ કે ૨૩મી માર્ચ ૨૦૨૦થી બંધ થયેલી ટ્રેન આજથી શરૂ કરવામાં આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે દરરોજ હજારોની સંખ્યામાં નોકરીયાત વર્ગ અપડાઉન કરતો હોય છે. જેથી અપડાઉન કરતા હજારો મુસાફરો માટે આજે એક સારો નિર્ણય કરવામાં આવ્યો છે. મુંબઈ ડીવીઝન દ્વારા આજથી સુરત-વલસાડ મેમો ટ્રેન દોડાવાનો નિર્ણય કરાયો છે, જે હજારો લોકો માટે આશીર્વાદરૂપ બની શકે છે. લોકડાઉનમાં બંધ કરાયેલી અને છેલ્લા દસ મહિના બાદ આજથી ફરી સુરત-વલસાડ મેમો ટ્રેન દોડી હતી.

૨૩મી માર્ચ ૨૦૨૦થી બંધ થયેલી ટ્રેન આજથી શરૂ કરાઈ છે. જેથી રોજીંદા નોકરી માટે આપડાઉન કરતા હજારો મુસાફરોને રાહત મળી છે. ટ્રેન દરરોજ સવારે ૯.૨૦ કલાકથી ઉપડી ૧૧.૩૫ કલાકે વલસાડ પહોંચશે. ત્યારબાદ ૩.૩૫ કલાકે વલસાડથી ઉપડી સાંજે ૫.૩૩ કલાકે સુરત પહોંચશે. મેમો ટ્રેન શરૂ થતાં હજારો મુસાફરોને પડતી હાલાકીથી છુટકારો મળી ગયો છે.

## રામના ભારતમાં પેટ્રોલ ૯૩, સીતાના નેપાળમાં ૫૩ અને રાવણી લંકામાં ૫૧ રુપિયે વેચાઈ રહ્યું છે





ન્યુ દિલ્હી,

દેશનું સામાન્ય બજેટ ભલે આવી ગયું હોય, પરંતુ પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતે સામાન્ય લોકોનું બજેટ બગાડી નાખ્યું છે. વિપક્ષ દ્વારા કેન્દ્ર સરકાર પર આ મામલે ખુબ નિશાન સાધવામાં આવી રહ્યું છે. આ બધાની વચ્ચે મંગળવારે ભાજપના જ રાજ્યસભા સાંસદ સુબ્રમણયમ સ્વામીએ પણ પેટ્રોલ ડીઝલની કિંમત પર કટાક્ષ કર્યો છે.

સુબ્રમણયમ સ્વામીએ મંગળવારે એક તસવીર શેર કરી છે. જેમાં લખ્યું છે કે, રામના ભારતમાં પેટ્રોલ ૯૩ રૂપિયા, સીતાના નેપાળમાં ૫૩ રૂપિયા અને રાવણી લંકામાં ૫૧ રૂપિયાની કિંમતે વેચાઈ રહ્યું છે.

તમને જણાવીએ કે, પેટ્રોલ ડીઝલની કિંમત મામલે ભારત એ દેશોમાં સામેલ છે, જ્યાં સૌથી વધારે કિંમતે પેટ્રોલ ડીઝલ વેચાઈ રહ્યું છે.

જો ભારતમાં પેટ્રોલ ડીઝળની વાત કરીએ તો દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૬ રૂપિયાને પાર છે, જયારે ડીઝળની કિંમત ૭૬ રૂપિયાની નજીક છે. જયારે મુંબઈમાં પેટ્રોલ ૯૨.૮૬ રૂપિયા પ્રતિ લિટરે વેચાઈ રહ્યું છે.

## રાજ્યમાં ઠંડીમાં આંશિક ઘટાડો, ૯.૦ ડિગ્રી સાથે ગાંધીનગર ઠંડુગાર

સુરત,

ગુજરાત રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે ઘટી રહ્યું છે. રાજ્યમાં ૯.૦ ડીગ્રી સાથે ગાંધી નગર સૌથી વધુ ઠંડુ શહેર રહ્યું હતું. જો કે હજુ પણ ઉત્તર ભારતમાં ઠંડીનું પ્રમાણ વધુ છે. અને આગામી બે૦એક દિવસમાં ઉત્તર ભારતમાં વરસાદની પણ સંભાવના છે તેને જોતા ગુજરાત માં પણ આગામી દિવસોમાં ઠંડીનું જોર વધી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદમાં લઘુત્તમ ૧૧.૦ ડિગ્રી તાપમાન નોધાયું હતું. વડોદરામાં ૧૩.૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન, સુરતમાં લઘુત્તમ ૧૭.૫ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૧૫.૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન, નલિયામાં ૧૦.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન, નોધાયું હતું. બે દિવસ ઠંડીમાં આંશિક રાહતનાં સંકેત જોવા મળી રહ્યા છે. તો હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૪ ફેબ્રુઆરીથી ફરી ઠંડીનો રાઉન્ડ શરુ થશે.

### બજેટ મુદ્દે કેન્દ્ર સરકાર પર શિવસેનાએ નિશાન સાધ્યું

## સપાના દેખાડવા અને સપના વેચવાના મામલે મોદી સરકાર માહિર છે



મુંબઈ,

બજેટને લઈને શિવસેનાએ પોતાના મુખપત્ર સામના દ્વારા કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. શિવસેનાએ કહ્યુ કે સપના દેખાડવા અને સપવા વેચવાના મામલે આ સરકાર માહિર છે. સપનાની દુનિયા રચવી અને સોશ્યલ મીડિયા પર તે સપનાનુ હવાઈ માર્કેટિંગ કરવુ તેમનુ કામ છે.

સામનામાં શિવસેનાએ લખ્યુ, આર્થિક ક્ષેત્ર અને વિકાસ દર ઉપર વધવાની જગ્યાએ શૂન્ય તરફ અને વધારે શૂન્યથી માઈનસ તરફ જઈ રહ્યો છે. આર્થિક મોર્ચા પર આ પ્રકારની તસવીર વચ્ચે નાણા મંત્રી નિર્મલા સીતારામને લોકસભામાં પોતાના ભાષણમાં લાખો-કરોડોના આંકડાને પ્રસ્તુત કર્યા. આને સ્વપ્રિલ નહીં તો બીજુ શુ કહેવાય?

શિવસેનાએ કહ્યુ, કોરોના કાળમાં દેશના હજારો ઉદ્યોગ-ધંધા ડૂબી ગયા, લાખો લોકોની નોકરીઓ જતી રહી, બેરોજગારી વધી ગઈ આની પર નાણા મંત્રી બજેટ દરમિયાન કંઈ પણ બોલ્યા નહીં. જેમની નોકરીઓ ગઈ, તેમને તે કેવી રીતે પુનઃ પ્રાપ્ત થશે, બંધ પડેલા ઉદ્યોગ કેવી રીતે શરૂ થશે. આના વિશે કંઈ પણ બોલ્યા નહીં.

સામનામાં આગળ લખવામાં આવ્યુ, સામાન્ય માણસને આનાથી જ સરોકાર છે કે તેમના ખિસ્સામાં શુ આવ્યુ અને આ બજેટથી જનતાના ખિસ્સામાં કંઈ આવ્યુ નહીં. આ હકીકત છે. બજેટથી મતની ખોટી રાજનીતિ કરવાનો નવો પેંતરો સરકારે શરૂ કર્યો છે. પશ્ચિમ બંગાળ, અસમ, તમિલનાડુ અને કેરળમાં હવે વિધાનસભાની ચૂંટણી છે તેથી આ રાજ્યો માટે મોટા-મોટા પેકેજ અને પરિયોજનાઓની ભેટ નાણા મંત્રીએ વહેંચી છે.

શિવસેનાએ કહ્યુ, ચૂંટણીને જોતા માત્ર જ્યાં ચૂંટણી છે. તે રાજ્યોને વધારે રકમ આપવી એક પ્રકારનુ ષડયંત્ર છે. જનતાને લાલચ આપીને ચૂંટણી જીતવા માટે બજેટના હથિયારના રૂપમાં પ્રયોગ કરવો કેટલો યોગ્ય છે? દેશના આર્થિક બજેટમાં સર્વાધિક યોગદાન આપનારા મહારાષ્ટ્રની સાથે ભેદભાવ કેમ? સપનાના દેખાડાથી સામાન્ય જનતાના ખિસ્સામાં રૂપિયા કેવી રીતે આવશે? આ અસલી પ્રશ્ન છે. તે આવવાના નહીં હોય તો બજેટના કાગળીયા ઘોડા માત્ર ડિજિટલ ઘોડા બની જશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 137

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરાના હાર્દ સમા હોળી ચકલા વિસ્તારમાં વર્ષો જુનું શૌચાલય નષ્ટ કર્યા બાદ

# નવિન ઉભુ કરવામાં આવેલ શૌચાલય બંધ હાલતમાં : ખર્ચો એળે



- અગાઉ જુના શૌચાલયની સાફ સફાઈના અભાવે ગંદકી જાહેરમાં પ્રસરાવવાની સાથે તળાવમાં ગંદકી ઠલવાતી હતી.
- ગંદકીના કારણે લોકોની લાગણી દુભાવા સાથે વહેપારીઓ તથા સભ્યો દ્વારા નવી સુવિધાની માંગણી કરી હતી.
- બે-બે વર્ષ બાદ સુવિધા વિહોણા રહેલ આ જગ્યા ઉપર આખરે પાલિકા એ મોબાઈલ શૌચાલય ઉભુ કર્યું.
- નવિન શૌચાલયથી જગ્યા નાની તથા પાણીની સુવિધાનો અભાવ વચ્ચે ગંદકી તળાવમાં ઠલવાય છે.
- સાત-આઠ મહિનાથી ઉભું કરવામાં આવેલ નવિન શૌચાલય ઉપયોગી વિહોણું શોભાના ગાંઠીયારૂપ.
- હવે ચુંટણી નજીક હોય આ મુદ્દે નારાજગી મતમાં વ્યકત કરે તે પૂર્વે સુવિધારૂપ બનાવવાની મતદારોની માંગ.


ગોધરા,

ગોધરાના હાર્દ સમા હોળી ચકલા વિસ્તારમાં વર્ષો જુના શૌચાલયની સાફ સફાઈના અભાવે ગંદકી જાહેરમાં પ્રસરાવવાની સાથે તળાવમાં ગંદકી ઠલવાતી હોવાના કારણે લોકોની લાગણી દુભાવા સાથે વહેપારીઓ તથા સભ્યો દ્વારા વિરોધ કરીને નવી સુવિધાની માંગણી કરાઈ હતી. છેવટે બે-બે વર્ષ સુધી શૌચાલય સુવિધા વિહોણા રહેલ આ જગ્યા ઉપર આખરે પાલિકા એ મોબાઈલ શૌચાલય ઉભુ કર્યું છે પરંતુ કદથી નાનું તથા પાણીની સુવિધાનો અભાવ વચ્ચે ગંદકી તળાવમાં ઠલવાતી હોવાના લઈને છેલ્લા સાત-આઠ મહિનાથી ઉભું કરવામાં આવેલ શૌચાલય ઉપયોગી વિહોણું શોભાના ગાંઠીયારૂપ ભાસી રહ્યું છે. હવે પાલિકાની ચુંટણી નજીક હોવાથી આ મુદ્દે પ્રજાજનો નારાજગી મતમાં વ્યકત કરે તે પૂર્વે સુવિધારૂપ બનાવવાની માંગ લોકો તથા વહેપારીઓ કરી રહ્યા છે.

ગોધરા શહેરમાં આવેલા હોળી ચકલાવિસ્તાર મુખ્ય કેન્દ્ર બજાર ગણવામાં આવે છે. અને અહીં આવેલ બજારમાં પંચમહાલ જીલ્લામાંથી મોટી સંખ્યામાં ખરીદાર્થો ઉમટી પડે છે. પરંતુ પાયની સુવિધારૂપ આવેલા શૌચાલયના કારણે ગંદકી પ્રસરાતી હોવાના દ્રશ્યો સર્જાતા હતા. ખાસ કરીને મહિલાઓ માટે ખૂબ મુશ્કેલી વર્તાતી હતી. જાહેરમાં શૌચક્રિયા કરવામાં આવતાં ગંદકી સીધી પવિત્ર રામસાગર તળાવમાં ગરકાવ થતી હોવાના કારણે પાણી દુષિત થવાની સાથે અસહ્ય દુર્ગંધ આવતાં જતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. ખાસ કરીને આવા પવિત્ર જળમાં દુર્ગંધ યુકત પાણી વહેવાના કારણે પણ હિંદુ સમાજના ભકતોની લાગણી દુભાઈ રહી હતી. આ શૌચાલય સોનીવાડ માંથી અન્યત્ર ખસેડવા તેમજ તળાવ પાસેની આ જગ્યાને ખુલ્લી કરવા માટે સ્થાનિક વહેપારીઓ તથા ભકતો દ્વારા માંગણી કરવામાં આવી હતી. પરંતુ નઘરોળ નગર પાલિકા દ્વારા વર્ષો સુધી જાહેરમાં ગંદકી ફેલાતા શૌચાલયને નિસ્તનાબૂદ કરવા માટે કોઈ પગલાં ભરવામાં આવતા ન હતા. એટલું જ નહીં શહેરના મધ્યમાં આવેલ બજારમાં એકમાત્ર ઉપયોગી શૌચાલયની નિયમીતપણે સાફ-સફાઈ કરવામાં પણ પાલિકા કોઈ ધ્યાન આપતી ન હતી. છેવટે આ આર.સી.સી. યુકત શૌચાલના બાંધકામને તોડી પાડીને જગ્યા ખુલ્લી કરીને અલાયદો શૌચાલય બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ગોધરા નગર પાલિકા દ્વારા બે-બે વર્ષના લાંબા સમયગાળા બાદ તોડી પડાયેલ શૌચાલયની જગ્યા એ મોબાઈલ શૌચાલય કે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં ન આવતાં સ્થાનિક વહેપારીઓ, રહિશો તથા જીલ્લાભરમાંથી આવતાં ગ્રાહકો પણ ભારે મુશ્કેલી વચ્ચે આ સ્થળે શૌચક્રિયા કરવામાં આવતાં ફરી એકવાર ગંદકીના દ્રશ્યો વચ્ચે નારાજગી વર્તાઈ રહી હતી. છેવટે સ્થાનિક સભ્ય સંજયભાઈ સોની તથા સ્થાનિક અગ્રણીઓએ જો વહેલીતકે શૌચાલય નહીં બનાવવામાં આવે તો ભૂખ હડતાળની ચિમકી ઉચ્ચારતા આખરે દોડતું થયેલ ગોધરા પાલિકા એ તળાવની અડોઅડ સિન્થેટીક શૌચાલય ઊભું કરતાં સુવિધા બાબતે અનુભવાયેલી આશાથી આનંદ વ્યાપ્યો હતો. પરંતુ દિવસો સુધી લોક મારવાની સાથે પાણીની સુવિધા આપવામાં આવી નથી. છેવટે વહેપારીઓએ પાલિકાની આવી ગુસ્તાખી સામે વિરોધ વ્યકત કરતા છેવટે લોક ખોલીને જાહેર જનતા માટે શૌચાલય ખુલ્લુ મુકવામાં આવ્યું છે. પરંતુ છેલ્લા સાત-આઠ માસ ઉપરાંતનો સમય વિતવા છતાં આ શૌચાલય ઉપયોગી વિહોણું બનેલ છે. એક તો આ શૌચાલય લંબાઈ-પહોળાઈ ટુંકી હોવાની સાથે પાણીની સુવિધા નથી. તથા સ્વચ્છતા જાળવવામાં આવતી નથી એટલું જ નહીં આ દુષિત પાણી સીધું તળાવમાં વહેતું હોવાને લઈને કેટલાક લોકો ઉપયોગ કરવાનો તાળી રહ્યા છે. વળી, ખૂબ અંદરની જગ્યાએ હોવાના કારણે જાહેર શૌચાલયની સુવિધા બાબતે જાણકારીના અભાવે લોકો ઉપયોગ નહીં કરતા લાંબા સમયથી શોભાના ગાંઠીયારૂપ ભાસી રહ્યું છે. લોકોના વિરોધ વચ્ચે રાતોરાત પાલિકા એ તૈયાર કરેલ આ શૌચાલય લોકોને માફક આવતું ન હોવાનીફરિયાદો ઉઠી રહી છે. એટલું જ નહીં પાલિકા એ આ ગંદકીના નિકાલ માટે કોઈ અલાયદી વ્યવસ્થા નહીં કરીને અગાઉની જેમ જ આ પેશાબ યુકત પાણી તળાવમાં ઠાલવવાની વાતને લઈને પણ પાલિકાની કાર્યરીતિ સામે નારાજગી અનુભવાઈ રહી છે. જોકે ગોધરા પાલિકામાં સત્તા ભોગવતા એવા આ વોર્ડ નં-૫ ના ચુંટાયેલા સભ્યો એ છેલ્લા કેટલાક માસ ઉપરાંતથી બંધ પડેલ શૌચાલય પુનઃ કાર્યકત કરવા અંગેના કોઈ પગલાં લેવામાં નહીં આવતાં પાલિકાનો ખર્ચો વ્યર્થ નિવડયો હોવાની લાગણી પણ પ્રજા અનુભવી રહી છે. ગોધરા શહેરમાં જાહેર શૌચાલયનો સદંતર અભાવ વર્તાઈ રહ્યો છે. જીલ્લા મથક હોવાથી શૌચાલય જેવી અગત્યની સુવિધા ઉભી કરવાની પાલિકાની જવાબદારી હોવા છતાં ઉણી ઉતરી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છતા અભિયાન હેઠળ શૌચાલય નિર્માણ કરવા માટે લાખોની ગ્રાન્ટ ફાળવીને જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવે છે. તો બીજી તરફ બંધ રહેલ શૌચાલયના કારણે ગંદકી સર્જાઈને શૌચાલય માત્ર શોભાના ગાંઠીયા સમાન ભાસતા વડાપ્રધાનના સ્વપ્નને ધકકો પહોચ્યો હોવાની ઘાટ સર્જાયો છે.

## એક્રડિટેશન કાર્ડ વિના મુસાફરી કરનાર ગોધરાના મુસાફર પાસેથી રૂા.૫૦૦ નો દંડ વસુલાત કરાઈ




ગોધરા,

ગોધરા થી નાસીક તરફ જઈ રહેલ એકસપ્રેસ બસને એસ.ટી.વિભાગના કર્મચારીઓ દ્વારા ટિકીટની ચકાસણી હાથ ધરવામાં આવતાં એેક્રેડિટેશન કાર્ડ ન ધરાવનાર ગોધરાના મુસાફરને રૂા.૫૦૦/-નો દંડ વસુલ કરવામાં આવતાં ફફડાટ વ્યાપી હતી.

તા.૦૨/૦૨/૨૦૨૧ ના રોજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા લાંબા સમય બાદ આવતી જતી એસ.ટી. બસોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગોધરા થી નાસિક જઈ રહેલ એકસપ્રેસ બસ ગોલ્ડન ચોકડી વડોદરા ખાતે તમામ બસોનું ચકાસણીના ભાગરૂપ એચ.આર.ચૌધરી (સિકયુરિટી ઈસ્પેકટર) અને એસ.ટી.વિભાગ વડોદરા ના એમ.આર. શેખ (એ.ટી.આઈ) તેમજ તેમની ટિમે ચેકીંગ હાથ ધર્યું હતું. જેના પગલે ગોધરા થી નાસિક જઈ રહેલ એકસપ્રેસમાં મુસાફર ગૌરાગકુમાર અશ્વિનભાઈ પટેલ રહે. ગોધરા નાઓ પાસે તપાસ કરતા માલુમ પડયું હતું કે ગુજરાત સરકાર માન્ય એેક્રેડિટેશન કાર્ડ ન હોવા છતાં ખોટી રીતે ટિકિટ લઈ મુસાફરી કરતા હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં ગૌરાગકુમાર અશ્વિનભાઈ પટેલને દંડ પેટે ૫૦૦/- ભરાઈ આગળની યોગ્ય કાર્યવાહી કરવા વાહન વ્યવહાર નિગમ દ્વારા જણાવાયું છે. જેના પગલે ગેરકાયદેસર મુસાફરી કરનાર મુસાફરોમાં ફફડાટની લાગણી વ્યાપી હતી.

## શહેરાના ડેમલીના મોબાઈલ ધારકે ચાઈલ્ડ પોનોગ્રાફી અપલોડ કરતા ફરીયાદ

**પોલીસે તપાસ અર્થે મોબાઈલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી.**

ગોધરા,

શહેરા તાલુકાના ડેમલી રહેતા એક વ્યકિત એ યુ-ટયુબ ઉપર આજ થી દોઢ વર્ષ પૂર્વે યુ-ટયુબ પર ચાઈલ્ડ પોનોગ્રાફી અપલોડ કરવાના ગુનામાં પોલીસે તેની સામે કાર્યવાહી કરીને તપાસ અર્થે મોબાઈલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે શહેરા તાલુકાના ડેમલી ગામે રહેતા સુકમભાઈ જેસીંગભાઈ તાવિયાડ પાસે પોતાનો વિવો કંપનીનો મોબાઈલ હોવાની સાથે વોડાફોન કંપનીનું સીમ ધરાવે છે. છેલ્લા લાંબા સમય થી આ મોબાઈલ ધારક મોબાઈલ તથા સીમકાર્ડનો ઉપયોગ કરી રહ્યો હતો. પરંતુ આ મોબાઈલ ધારક સુકમભાઈ જેસીંગભાઈ તાવિયાડ દ્વારા ગત તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ પોતાના યુ-ટયુબ ઉપર ચાઈલ્ડ પોનોગ્રાફી દર્શાવતી વિડીયો ફુટેજ ફાઈલ અપલોડ કરવામાં આવી હતી. જે અંગે પોલીસને જાણ થતાં સાયબર ક્રાઈમ ગુના હેઠળ પોલીસ ઈન્સ્પે. જે.એન. પરમાર પંચમહાલ સાયબલ ક્રાઈમ રેન્જ ને જાણ થતાં તેઓ સામે પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવવાની સાથે મોબાઈલ ફોન તથા સીડી જપ્ત કરીને આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, દિનપ્રતિદિન મોબાઈલના વપરાશ સાથે જાણ્યા અજાણ્યા બિભત્સ ચિત્રો અપલોડ કરવામાં આવીને સમાજની લાગણી ઠેસ પહોંચાડવામાં આવીને બાળકો તથા યુવા વર્ગને આવા દુષકૃત્યો આચરવા માટે પ્રેરણા અપાતી હોવાના પરોક્ષ સંદેશા વચ્ચે સમાજ તથા કાયદો પણ આવા આચરણને સ્વિકારતો નથી. સામાજીક તથા કાયદાકીય રીતે ગુનો બનતો હોવાને લઈને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પંચમહાલ ગોધરા રેન્જના પો.ઈન્સ. જે.એન.પરમાર દ્વારા વર્ષ ૨૦૧૯માં અપલોડ કરેલા ચાઈલ્ડ પોનોગ્રાફી ચિત્રોને જપ્ત કરવા સાથે વપરાશ કરનારની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલમાં ખૂણે ખાંચરે બાળકો સાથે શારીરિક અડપલા સહિત દુષ્કર્મ આચરવામાં આવતાના અનેક બનાવો વધી રહ્યા છે. તેવા સમયે પોલીસે કરેલ કાર્યવાહી એક લાલબત્તી સમાન છે. અને આગામી સમયમાં પણ સાયબર સર્વેલન્સ આધારે આવા સમાજને તોડતા અને બાળકોનું શોષણ કરનારને કાયદાના પાઠ ભણાવવાના પગલાં લે તેવી જાગૃત નાગરિકો માંગણી કરી રહ્યા છે.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

પંચમહાલ જિલ્લા કલેકટર અમિત અરોરા દ્વારા જિલ્લા સેવા સદન-૧ ખાતે નવનિર્મિત લિફ્ટ ખુલ્લી મુકવામાં આવી.

## જોખમરૂપ કચરો એકઠો કરવાની પરવાનગી છે કે કેમ ?

# કાલોલ GIDCની રાધન પ્લાસ્ટીક કંપનીમાં જવલનશીલ કેમિકલ વેસ્ટમાં આગ લાગતા લોકો ભયભીત





તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

- વિસ્તારમાં ઘૂમાડાના ગોટેગોટા દેખાતા ફાયર ફાયટરોએ પહોંચી આગને કાબુમાં લીધી.
- આગ લાગેલ જગ્યામાં રાધન પ્લાસ્ટિક નામનું બોર્ડ મારીને ગેટ પર તાળું મારેલ.
- સરકારના કેમીકલ વેસ્ટની નિકાલના અમલ માટે સંચાલકોની મનમાની.
- નિયમો હોવા છતાં તંત્રની ઐસીતૈસી કરીને ગેરકાયદેસર રીતે કરાતો કચરાનો નિકાલ.
- નકામો કચરો અહીં ગેરકાયદેસર એકત્ર કરીને સળગાવાતો હોવાનું ધ્યાને આવ્યું.

કાલોલ,

કાલોલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા પ્લોટ નંબર ૩૯-૪૦માં આવેલ રાધન પ્લાસ્ટીકમાં તાજેતરમાં એકાએક આગ લાગતા સમગ્ર વિસ્તારમાં ઘૂમાડાના ગોટેગોટા દેખાતા હતા. બસ સ્ટેન્ડ સુધી આ વિકરાળ આગની ધૂમ્ર શેરો દેખાતી હતી. જોકે નજીકથી સ્થાનિક કંપની યુ.પી.એલ. ના ફાયર ફાયટર સહિત કાલોલ નગરપાલીકાનું ફાઈટર ઘટનાસ્થળે પહોંચી જઈને આગને કાબુમાં લીધી હતી. આગ લાગેલ જગ્યામાં રાધન પ્લાસ્ટિક નામનું બોર્ડ મારીને ગેટ પર તાળું મારીને અંદર કેમિકલ કંપનીઓનો નકામો કચરો અહીં ગેરકાયદેસર એકત્ર કરવામાં આવતો હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ કાલોલ પાસેની એલેમ્બિક કેમિકલ તથા ઈન્ડીચર કંપનીનું વેસ્ટ મટીરીયલનો નિકાલ કરવા (સરકારી ગાઈડ લાઈન મુજબ રિસાયકલ કરાવી, સીમેન્ટ કંપનીમાં યા તો ગર્વમેન્ટ કોમન ઈનસિરેશન પ્લાન્ટમાં ઈનસિરેટ કરાવવા મોકલવાનું હોય છે) લાયસન્સ મેળવીને આ કંપનીના સંચાલકો કેમિકલના ખાલી ડ્રમ, બેરલો, કન્ટેનર, ફાર્મા કંપની, ફુડ પ્રોસેસીંગ, કોસ્મેટિક, ટેકસટાઈલ, પેઈન્ટ્સ ફોરમુલેશન અને બ્રેવરીઝ જેમા પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ સિવાયની કંપનીઓનો નકામો અને જોખમી કચરો સરકારી નિયમોનુસાર નીકાલ કરવા માટે નો પરવાનો મેળવાનો હોય છે. પરંતુ કાલોલ જીઆઈડીસી ખાતે પ્લોટ નં ૩૯ અને ૪૦માં ખાલી બેરલ રાખવાની પરવાનગી લઈ આ કંપનીમાં ગેરકાયદેસર રીતે કેમીકલ વેસ્ટ ભરેલા બેરલો સંગ્રહ કરવામા આવે છે તેટલુ જ નહીં પરવાનગી વગર નજીકમાં આવેલા બંધ શેડ (એમ.જે. વુલન)માં પણ આ જોખમી કચરો એકઠો થાય છે. અહીં આવેલ રાધન કંપનીના સંચાલક પાસે એલેમ્બિક તથા ઈન્ડીચર નો માલ ઉપાડવાનું લાયસન્સ છે કે કેમ? તથા આ બાબતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પરવાનગી મેળવી છે કે કેમ? આ ઉપરાંત પરવાનગી વગર જોખમી કચરો એમ. જે વૂલન ના બંધ પડેલા શેડ માં કોની પરવાનગી થી અંદાજે ૫૦૦ ટેમ્પા જેટલો કચરો ઠલવાઈ રહ્યો છે? તાજેતરમાં અમદાવાદ ખાતે એક કેમિકલ કંપનીમાં બ્લાસ્ટ થવાથી મહામૂલા માનવોની જિંદગી હોમાઈ ગઈ હતી. ત્યારે સોમવાર ની આગે નીતિ નિયમોને નવે મૂકવાની સાથે લોકોમાં ભયની લાગણી પ્રસરાવી દીધી હતી. અને સરકારી નિયમોમાં પોલમપોલ હોવાનું સ્થળ તપાસમાં બહાર આવ્યુ હતું. જો પૂનઃ આવી આગ લાગી વિકરાળ સ્વરૂપ ધારણ કરી આજુબાજુની કંપની તેમજ નજીકમાં આવેલ રહેણાંક વિસ્તાર ને લપેટામાં લેશે તો જવાબદારી કોની?

### તંત્ર કોઈ મોટી દુર્ઘટના ની રાહ જોવે છે

આ કંપનીની અંદરમાં શ્રમિકો જીવના જોખમે કામ કરે છે અને ટેમ્પો મારફતે કેમિકલ કંપની નો કચરો હોય કે અન્ય સામગ્રીની હેરાફેરી ઉપરાંત અન્યત્ર ખાલી થતો હોય છે. તેમ છતા પણ કંપનીનો ગેટ કોઈ કારણોસર બંધ રાખવામાં આવે છે. જે બાબત ખૂબ જ સંશોધન માંગી લે તેમ છે. વધુમાં પાવાગઢ નજીક પણ ખુલ્લા ખેતરમાં કેમિકલનો જોખમી કચરો સળગાવવામાં આવે છે તેવી પણ ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે આ બાબતે વહીવટી તંત્ર ને કોઈ જાણકારી છે કે પછી બધું રામ ભરોસે ચાલી રહ્યું છે કે પછી કોઈ મોટી દુર્ઘટના ની રાહ જોવાઈ રહી છે તે પણ તપાસ નો વિષય બની જાય છે.